પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૫૨ | ૩ મે, ૨૦૨૨, મંગળવાર; વૈશાખ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રાજ્યમાં ધો. ૧ થી ૮માં માસ પ્રમોશનનો નિર્ણય

## ગુણ કે ગ્રેડને ધ્યાનમાં લીધા વિના આગળના ધોરણમાં પ્રવેશ આપવાની સરકારની જાહેરાત

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં ચાલુ વર્ષે ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાશે એમ રાજ્યના શિક્ષણ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આજે મોડીસાંજે જાહેરાત કરી હતી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પરિણામ જોયા વગર વિદ્યાર્થીઓને બઢતી અપાશે. ગુણ કે ગ્રેડને ધ્યાનમાં લીધા વિના આગળના ધોરણમાં પ્રવેશ આપવાની જાહેરાત કરી હતી.

કોરોનાની પરિસ્થિતિને કારણે સતત બીજા વર્ષે રાજ્ય સરકારે માસ પ્રમોશનનો નિર્ણય કર્યો છે. કેટલીક શાળાઓમાં પરીક્ષાઓ લેવાઈ છે અને પરિણામો પણ જાહેર થયા છે આમ છતાં રાજ્ય સરકારે કરેલા નિર્ણયની ચર્ચાઓ પણ ચગડોળે ચડી છે.

# દેશમાં આ વર્ષે ગરમીનો પારો ૫૦ ડિગ્રીએ પહોંચશે : ઉત્તર ભારતમાં ગરમીનો રેકોર્ડ

## કેન્દ્રએ તમામ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એડવાઈઝરી બહાર પાડી



નવી દિલ્હી, તા. ૨

દેશમાં કાળઝાળ ગરમી વચ્ચે કેન્દ્ર સરકારે તમામ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એડવાઈઝરી બહાર પાડી છે. એડવાઈઝરીમાં કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે નાગરિકોને જણાવ્યું હતું કે, હીટસ્ટ્રોકના કિસ્સામાં શું કરવું અને શું ન કરવું જોઈએ. આ સાથે રાજ્ય સરકારોને હીટસ્ટ્રોકના દર્દીઓની સારવાર માટે પૂરતી આરોગ્ય સુવિધાઓ અને અન્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે કહેવામાં આવ્યું છે. હવામાન વિભાગનું કહેવું છે કે, આગામી કેટલાક દિવસો સુધી કાળઝાળ ગરમીમાંથી રાહત મળશે પરંતુ ત્યારબાદ ફરી ગરમીનો પારો વધશે. આઈએમડીએ ઉત્તર ભારતમાં આ વખતે તાપમાન ૫૦ ડિગ્રીથી ઉપર પહોંચવાનો અંદાજ લગાવ્યો છે. કેન્દ્ર સરકારની આ એડવાઈઝરી એવા સમયે આવી છે જ્યારે ઉત્તર ભારતમાં આકરી ગરમીએ ૧૨૨ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, એપ્રિલમાં ઉત્તર-પશ્ચિમ વિસ્તારોમાં સરેરાશ મહત્તમ તાપમાન ૩૫.૯૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે મધ્ય ભારતમાં તે ૩૭.૭૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. જે છેલ્લા ૧૨૦ વર્ષમાં સૌથી વધુ છે. એપ્રિલ મહિનામાં જ અનેક જગ્યાએ તાપમાનનો પારો ૪૭

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાની વેક્સિન લેવા કોઈને પણ મજબૂર ન કરી શકાય

## કોવિડ સંકટ વચ્ચે સુપ્રીમની મહત્વની ટિપ્પણ : સુપ્રીમ કોર્ટમાં કોરોના વેક્સિનેશનની અનિવાર્યતાને ગેરબંધારણીય ઠેરવતી અરજી પર સુનાવણી ચાલી હતી

નવી દિલ્હી, તા. ૨

કોવિડ સંકટ વચ્ચે સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્વની ટિપ્પણી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, કોઈ પણ વ્યક્તિને કોરોના વેક્સિન લેવા માટે મજબૂર ન કરી શકાય.

સુપ્રીમ કોર્ટમાં કોરોના વેક્સિનેશનની અનિવાર્યતાને ગેરબંધારણીય ઠેરવતી અરજી પર સુનાવણી ચાલી રહી હતી અને તે દરમિયાન આ પ્રકારની ટિપ્પણી કરવામાં આવી હતી.

કોર્ટે જણાવ્યું કે, નીતિ નિર્માણ મામલે કશું પણ કહેવું ઉચિત નથી પરંતુ કોઈ પણ વ્યક્તિને વેક્સિન લેવા માટે મજબૂર ન કરી શકાય. સરકાર જનહિતમાં લોકોને જાગૃત કરી શકે છે. સુપ્રીમ કોર્ટે કોવિડ વેક્સિનેશનની અનિવાર્યતાને ગેરબંધારણીય જાહેર કરતી અરજી પર સુનાવણી દરમિયાન આ વાત કરી હતી.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, સરકાર જનહિતમાં લોકોને જાગૃત કરી શકે છે. બીમારી ફેલાતી અટકાવવા માટે પ્રતિબંધો લાગુ કરી શકે છે પરંતુ વેક્સિન લેવા માટે અને કોઈ પણ પ્રકારની ખાસ દવા લેવા માટે મજબૂર ન કરી શકાય. અમુક સરકારોએ મહામારી દરમિયાન વેક્સિનેશનની અનિવાર્યતા અંગે જે પ્રતિબંધો લાગુ કર્યા હતા તેને તાત્કાલિકપણે દૂર કરી દેવા જોઈએ.

કોર્ટે પોતાના નિર્ણય દરમિયાન કેન્દ્ર સરકારને જનતા અને ડોકટર્સ સાથે વાત કરીને એક રિપોર્ટ પ્રકાશિત કરવા માટે જણાવ્યું છે જેમાં વેક્સિનની અસર અને પ્રતિકૂળ અસરનું સંશોધન સર્વેક્ષણ હોય.

કેન્દ્ર સરકારની કોવિડ વેક્સિનેશન નીતિને



સમુચિત બતાવીને સુપ્રીમ કોર્ટે એવી સ્પષ્ટતા કરી છે કે, વેક્સિન લેવી કે ન લેવી તે દરેક નાગરિકનો અંગત નિર્ણય છે. કોઈ પણ વ્યક્તિને કોઈ પણ વેક્સિન લેવા માટે મજબૂર ન કરી શકાય.

સુપ્રીમ કોર્ટે વેક્સિન નીતિઓ મુદ્દે રાજ્ય સરકારોને સૂચન આપતાં કહ્યું કે, વેક્સિનની અનિવાર્યતાના માધ્યમથી લોકો પર લગાવવામાં આવેલા પ્રતિબંધો સાપેક્ષ કે યોગ્ય ન કહી શકાય. હવે જ્યારે સંક્રમણના ફેલાવા અને તીવ્રતા સાથે સંક્રમિત લોકોની સંખ્યા ઘટી છે ત્યારે સાર્વજનિક ક્ષેત્રોમાં હરવા-ફરવા પર કોઈ પ્રતિબંધ ન લગાવવો જોઈએ. સરકારોએ જો પહેલેથી આવા કોઈ નિયમ કે પ્રતિબંધો લાગુ કરેલા હોય તો તેને પાછા ખેંચવામાં આવે.

# બર્લિનમાં પીએમ મોદીને ગાર્ડ ઓફ ઓનર અપાયું

## જર્મનીના ચાન્સલર સાથે કરી મુલાકાત : પીએમ મોદી જર્મનીની રાજધાની બર્લિન પહોંચ્યા હતા. મોદીનું એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું

બર્લિન, તા. ૨

ત્રણ દિવસના યુરોપીય પ્રવાસ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારે જર્મનીની રાજધાની બર્લિન પહોંચ્યા હતા. પીએમ મોદીનું એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. હોટલમાં પીએમ મોદીએ ભારતીય સમુદાયના લોકો સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદીને ગાર્ડ ઓફ ઓનર પણ આપવામાં આવ્યું. ત્યારબાદ તેમણે જર્મનીના ચાન્સલર ઓલાફ સકોલ્ઝ સાથે મુલાકાત કરી છે. પ્રધાનમંત્રીની સ્કોલ્ઝના ચાન્સલર બન્યા બાદ આ પ્રથમ મુલાકાત છે.

ત્યારબાદ પીએમ મોદી છઠ્ઠા ભારત-જર્મની અંતર સરકારી વિચાર વિમર્શૅ઼્ઝ ની સહ-અધ્યક્ષતા કરશે. આ એક વિશિષ્ટ કાર્યક્રમ છે જેને ભારત માત્ર જર્મની સાથે કરે છે. આઈજીસીની શરૂઆત ૨૦૧૧માં થઈ હતી. આ

● અનુસંધાન પાન-૭ પર

# કુમાર વિશ્વાસની ધરપકડ પર રોક

ચંદીગઢ, તા. ૨

પંજાબ-હરિયાણા હાઈકોર્ટે કુમાર વિશ્વાસને રાહત આપી દીધી છે. હાઈકોર્ટે તેમની ધરપકડ પર વચગાળાની રોક લગાવાવનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે, પંજાબના રોપડ ખાતે કુમાર વિશ્વાસ સામે કેસ દાખલ થયો હતો. કુમાર વિશ્વાસ પર આરોપ છે કે, તેમણે કેજરીવાલના ખાલિસ્તાન સાથે સંબંધ હોવાના ખોટા આરોપો લગાવ્યા હતા. કેસ દાખલ થયા બાદ કુમાર વિશ્વાસે કોર્ટમાં રૂપનગર પોલીસની એક્શન સામે અરજી દાખલ કરી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે, તેમના વિરૂદ્ધ દાખલ કરવામાં આવેલો કેસ રાજકારણથી પ્રેરિત છે. ઉલ્લેખનીય છે કે, કુમાર વિશ્વાસ વિરૂદ્ધ કલમ ૧૫૩, ૧૫૩એ, ૫૦૫, ૫૦૫ (૨), ૧૧૬ ઉપરાંત કલમ ૧૪૩, ૧૪૭, ૩૨૩ (હુમલો), ૩૪૧, ૧૨૦-બી (ગુનાહીત ષડયંત્ર) અંતર્ગત કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કુમાર વિશ્વાસ ઉપરાંત કોંગ્રેસી નેતા અલકા લાંબા વિરૂદ્ધ પણ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. લાંબા પર વિશ્વાસ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીનું સમર્થન કરવાનો આરોપ લાગ્યો છે.

# પ્રશાંત કિશોર પોતાના પક્ષ માટે સજ્જ

## ચૂટણી રણનીતિકાર હવે કોઈ અન્ય માટે કામ નહીં કરે : હવે પ્રજા વચ્ચે આવવાનો સમય આવી ગયો છે, બિહારથી તેની શરૂઆત કરવાનો પ્રશાંત કિશોરે સ્પષ્ટ ઈશારો કર્યો

પટના, તા. ૨

પહેલા ભાજપ, બાદમાં કોંગ્રેસ અને પછી જેડીયુ તથા અલગ-અલગ રાજકીય પાર્ટીઓના ચૂંટણી રણનીતિકાર રહી ચુકેલા પ્રશાંત કિશોર હવે અન્ય લોકો માટે રણનીતિ નહીં બનાવે. પ્રશાંત કિશોર હવે પોતાની પાર્ટી માટે જ સ્ટ્રેટેજી તૈયાર કરશે. તેમણે તાજેતરની એક ટ્વિટમાં લખ્યું હતું કે, હવે પ્રજા વચ્ચે આવવાનો સમય આવી ગયો છે. બિહારથી તેની શરૂઆત થશે. આ ટ્વિટ દ્વારા તેમણે તેઓ પોતાની પાર્ટી માટે સ્ટ્રેટેજી ઘડશે તે અંગેનો ઈશારો કરી દીધો છે.

જોકે પ્રશાંત કિશોરની નવી પાર્ટી ક્યારે લોન્ચ થશે તે અંગેનો કોઈ ખુલાસો નથી કરવામાં આવ્યો પંરતુ તેઓ ટૂંક સમયમાં જ એક સાથે દેશભરમાં પોતાની પાર્ટી લોન્ચ કરશે. તેઓ હાલ પટનામાં જ છે અને એવું માનવામાં આવે છે કે, તેઓ ત્યાંથી પોતાના માટે નવી રણનીતિ ઘડી રહ્યા છે.






પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધા સુમન

જીવી ગયા જીંદગી મોજથી,
હસાવ્યા સહુને હસમુખા સ્વભાવથી,
વ્યવહાર નિભાવ્યો વટથી,
પરિવારને સેવ્યો પ્રેમથી,
નહીં ભુલાય તમારો આ સ્નેહ કોઈથી.

આપના આત્માને પરમાત્મા પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. શ્રીમતી પ્રિયા વિનોદ માનિક
સ્વ. તા. ૩/૫/૨૦૨૧

CA વિનોદ માનિક - +91 98250 48526
કરન માનિક - +91 94091 70067 | રત્ના માનિક - +91 95584 11480

સાંજે ૬ અથવા ૭:૩૦ ની બેચમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો
નાણાવટી
The Leader Since 1996
ઘ-૨ સર્કલ નજીક, હેવમોર આઈસ્ક્રીમ પાછળ, સેક્ટર-૨
ઓફીસ સમય : સવારે ૮ થી ૧૨, સાંજે ૪ થી ૮
મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫
ડેમો માટે અમારી YouTube Channel ની મુલાકાત લો
ketannanavatigandhinagar

